ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૦/૨૩૬૨૯-૬૨

કમિશનર શાળાઓની કચેરી

બ્લોક નં ૯/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા. ગાંધીનગર,

તા. ૨૯/૧૨/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ.

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓની વિગતો મોકલવા બાબત

સંદર્ભ: ૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી તા.૧૧/૦૨/૧૧

૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯-૭૪૧(૨)-ગ તા.૦૨/૦૭/૯૯

૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬-૨૧૩૮-ગ.૧ તા.૧૭/૧૨/૧૫

૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ તા.૨૩/૦૬/૧૬

૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૧૫-૧૨૧-ગ.૧ તા.૦૪/૦૨/૨૦૨૦

૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬-૨૧૩૮-ગ.૧ તા.૨૧/૧૨/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં રોસ્ટર રજીસ્ટર્ડ પ્રમાણિત કરવાના કેમ્પ પુર્ણ થયેલ છે. જે અન્વયે તા.૩૧/૧૦/૨૦૨૦ ના રોજ થનારી વય નિવૃત્તિને ધ્યાને લઈને તા.૦૧/૧૧/૨૦૨૦ ની સ્થતિએ શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની વિગત આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રકોમાં સોફ્ટ કોપી (ગુજરાતી પત્રક "અ-બ" -શ્રુતિ ફોન્ટ, અંગ્રેજી પત્રકો "A થી D" - Times New Roman ફોન્ટ અને તમામની એક્સેલ શીટ) તથા હાર્ડ કોપીમાં લીગલ પેઝમાં સુવાચ્ય રીતે નીચે જણાવેલ તારીખે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ વિદ્યામંદિર, મુખ્ય શોપીંગ સેન્ટર પાસે, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે આપની કચેરીના જાણકાર કર્મચારી/અધિકારી સાથે રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ તારીખ |
|---|---|---|
| ૧ | ભરૂચ, ભાવનગર, છોટાઉદેપુર, ગીર સોમનાથ, સાબરકાંઠા, તાપી | ૦૧-૦૧-૨૦૨૧ |
| ૨ | અરવલ્લી, દેવભુમિ દ્વારકા, મોરબી, નર્મદા, પાટણ, વલસાડ | ૦૨-૦૧-૨૦૨૧ |
| 3 | અમરેલી, આણંદ, બનાસકાંઠા, બોટાદ, ડાંગ, દાહોદ | ૦૪-૦૧-૨૦૨૧ |
| ૪ | ગાંધીનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, ખેડા | ૦૫-૦૧-૨૦૨૧ |
| ૫ | મહીસાગર, મહેસાણા, નવસારી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ | ૦૬-૦૧-૨૦૨૧ |
| ૬ | અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, સુરત સુરેન્દ્રનગર, વડોદરા | ૦૭-૦૧-૨૦૨૧ |

શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓની વિગતો રજુ કરવા અન્વયે ધ્યાને લેવાની સુચનાઓ:-

- આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની શાળાઓમાં વર્ગ ઘટાડા/શાળા બંધ થવાના કારણે "રક્ષિત ફાજલ શિક્ષકોને" સમાવવાની કાર્યવાહી કર્યા બાદ ખાલી રહેતી શિક્ષણ સહાયકોની જગ્યાઓની વિગતો મોકલવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવની જોગવાઇઓ અનુસાર જુના શિક્ષક અને શિક્ષણ સહાયકનું પ્રમાણ જાળવવાનું રહેશે.
- હાલ તુરંત વર્ષ ૨૦૧૯ની ભરતીમાં સમાવેશ કરેલ જુના શિક્ષકોની ખાલી જગ્યાઓ તથા ત્યારબાદ ઉભી થયેલ જુના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો જિલ્લા કક્ષાએ જાળવવાની રહેશે.અત્રે ફક્ત શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓ મોકલી આપવાની રહેશે.
- અગાઉ વર્ષ ૨૦૧૯ની શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયામાં સમાવવામાં આવેલ કોઇ ખાલી જગ્યાનો સમાવેશ આ જગ્યાઓમાં કરવાનો રહેશે નહી.
- ખાલી જગ્યાઓની વિગત આ સાથે સામેલ નિયત નમુનાના પત્રકોમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની અલગ-અલગ લાવવાની રહેશે. તેમજ માધ્યમ પ્રમાણે પત્રકો અલગ-અલગ બનાવવાના રહેશે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકનું વિભાગવાર અને માધ્યમની વિગતો સહિત આ સાથે સામેલ નમુના રૂપ સમરી-પત્રક મુજબ મોકલી આપવાનું રહેશે.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જે વિષય અને માધ્યમની ટાટ પરીક્ષા લેવાયેલ હોય તે જ વિષય અને માધ્યમની ખાલી જગ્યાઓ મોકલવાની રહેશે.
- શાળાની ખાલી જગ્યા અન્વયે કોર્ટ કેસ હોય તો તે અંગે નામદાર હાઇકોર્ટના નિર્દેશનો યોગ્ય અભ્યાસ કરી જગ્યા દર્શાવવા પાત્ર છે કે કેમ તેનો નિર્ણય આપની કક્ષાએથી સ્વ વિવેકથી કરીને જ આવી ખાલી જગ્યા દર્શવવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૨૦ના ઠરાવથી વર્ગ વધારા/ઘટાડા તથા ગ્રાન્ટ કાપની માર્ગદર્શક સુચનાઓ નિયત કરવામાં આવેલ છે. તે મુજબની વિદ્યાર્થી સંખ્યા ધરાવતા વર્ગો માટે કોઇ જગ્યાની ભરતી કરવાની ન હોવાથી તેનો સમાવેશ કરવો નહી.
- રજુ કરેલ ખાલી જગ્યાઓની વિગત રોસ્ટર મુજબ રજુ થયેલ છે કે કેમ? તથા આ જગ્યા પર ઉમેદવારને હાજર કરવા અંગે ખાલી જગ્યા સબબ કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે નહી તેની ચકાસણી આપને અંગત રસ લઈ કરવા જણાવવામાં આવે છે તેમજ તે અંગેનું નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ: અંગ્રેજી પત્રકો- A થી D, ગુજરાતી પત્રકો- અ અને બ, નિયત નમુનાનું પ્રમાણપત્ર